: સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના અમલમાં રિજીયોનલ એસ.ઓ.આર બાબત (ચોથો તબક્કો)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
સચિવાલય, ગાંધીનગર
તા: ૯-૨-૦૭

સંદર્ભ : (૧) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા ૧-૪-૨૦૦૫
(૨) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા ૨૧-૪-૦૫
(૩) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા ૨૬-૪-૦૫
(૪) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા ૧૨-૫-૦૫
(૫) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪ કર
તા ૧૮-૫-૦૫
(૬) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા ૨-૬-૦૫

પૂર્વભૂમિકા :

રાજ્યના ખેડુતોના લોકજૂથોની માંગણીઓ તેમજ જરુરીયાતોને તેમજ નદીઓ પરના મોટા ચેકડેમો દ્વારા મળેલ પરિણામો પરથી રાજ્ય સરકારે સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના ચોથા તબક્કાનું તા ૧-૪-૨૦૦૫ થી આયોજન અમલમાં મુકેલ છે. અગાઉના તબક્કામાં આ યોજના હેઠળ હાથ ધરેલ કામગીરીમાંથી સરકારશ્રીને મળેલ અનુભવ, આયોજકોની બાંધકામ માટેની આવડત અને તેમને સાંપડેલ અનુભવ વગેરે બાબતોને લક્ષમાં લઇ આ યોજનાના ચોથા તબક્કામાં ચેકડેમની સ્થળપસંદગી, આલેખન, મંજૂરીની વહીવટી પ્રકીયા, બાંધકામ, અને તેની ગુણવત્તાની ચકાસણી વગેરે બાબતોમાં કેટલાક ફેરફારો કરવા સાથે આ યોજના ચોથા તબક્કામાં સંદર્ભ (૧) ના ઠરાવથી સમગ્ર રાજયમાં એકસમાન ધોરણે લોકભાગીદારીના ૮૦:૨૦ ના ધોરણે અમલમાં મુકવામાં આવેલ છે. યોજના અમલમાં આવ્યા બાદ, મળેલ રજુઆતોના અનસંધાને સુચારૂ અને પારદર્શક વહીવટ થાય તે માટે અવારનવાર ઉપરોકત સંદર્ભ હેઠળના ઠરાવો બહાર પાડેલ છે

તાજેતરમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ( ચોથો તબકકો) અંતર્ગત બાંધવામાં આવતા ચેકડેમોની વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન તથા આગામી ચોમાસા પહેલાં કરવાના થતા ચેકડેમોના

Deputy Execu... ...via Irrigation Bavla

P.T.O.

આયોજન સબબ તા ૧૬-૧-૦૭ ના રોજ માનનીય મંત્રીશ્રી (જ.સં) ની અધ્યક્ષતામાં એક બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવેલ.

વધુમાં આ યોજના અમલમાં મુકવામાં આવેલ, તે સમયે રાજયમાં બધા જ જિલ્લામાં એકસમાન ભાવોની જોગવાઇ ઠરાવમાં કરવામાં આવેલ. છેલ્લા વર્ષમાં ડીઝલ તથા માલસામાનના વધેલ બજારભાવોના કારણે ચેકડેમોના બાંધકામની આઇટમોના ભાવવધારા માટે સ્વૈચ્છિક સંસ્થા, પ્રાયોજકો વિગેરે તરફથી સતત રજુઆતો થયેલ છે.

ઉપરોકત મળેલ રજુઆતો ના અનુસંધાને જો જે તે રીજીયનના એસ.ઓ.આર. મુજબ કામગીરી કરવામાં આવે તો વર્ષો વર્ષના બજાર ભાવ મુજબ નકકી થયેલ વિભાગના અન્ય કામોની સાથે આઇટમોના ભાવોમાં સાતત્યતા જળવાઇ રહે અને સમયાંતરે માલ સામાનના ભાવો સુધારતા હોઇ ભાવ વધારા માટે આપોઆપ નિર્ણય થઇ શકે.

**ઠરાવ :**

ચોથા તબકકાના તા ૧-૪-૨૦૦૫ ના ઠરાવમાં સુચવેલ એક સમાન ભાવોની હાલ જોગવાઇને બદલે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૈરાષ્ટ્ર - કચ્છ એમ ચ રિજીયનના એસ.ઓ.આરના પ્રવર્તમાન ભાવો તા ૧૬-૧-૦૭ ની સ્થિતિએ નવા શરૂ થતા ચેકડેમો લેવાના રહેશે, હાલમાં પ્રગતિ હેઠળ ના કામો તા ૧-૪-૨૦૦૫ ના ઠરાવમાં નિર્દિષ્ટ આઇટમવ ભાવોથી પુરા કરવાના રહેશે.

આ અંગે વિભાગની ફાઇલ કમાંક : સીડીએમ-૨૦૦૭ (૮)-કર પર મંજુરી લેવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમે અને તેમના નામે.

(કે.બી.વસા)
ઉપસચિવ (જ.સં.)
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પ્રતિ

- માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- શ્રી નીતિનભાઇ પટેલ - ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી બાબુભાઇ બોખીરીયા - ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- અગ્રસચિવશ્રી (જસં ), નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર
- નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ

25 FEB 2007

અંગત સચિવ અને નાયબ કાર્યપાલક ઈજનેર
અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ